### નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર મહાનગર પાલિકાના સહયોગથી

# 'પ્લાસ્ટીક મુક્ત ગાંધીનગર અભિયાન'નો પ્રારંભ







ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર મહાનગર પાલિકાના સહયોગથી 'પ્લાસ્ટીક મુક્ત ગાંધીનગર અભિયાન' અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારની શાળાઓ અને કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે પ્લાસ્ટીક વેસ્ટ, ઘરગથ્થુ કચરાનું વ્યવસ્થાપન, ઈ-વેસ્ટ તથા પર્યાવરણ સંરક્ષણ માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત સરકારી વિજ્ઞાન કૉલેજ ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મુખ્ય અતિથિ તરીકે જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશભાઈ ઠાકર, નિસર્ગના મેનેજિંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ અને કોલેજના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ તળપદા ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

અભિયાન અંતર્ગત શારદા વિદ્યાલય, સૅક્ટર-૨૫ ખાતે પણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓને પ્લાસ્ટીક વેસ્ટ, ઈવેસ્ટ વિશે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પ્લાસ્ટીકનો ઉપયોગ નહીં કરવા માટેના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પટેલે વિદ્યાર્થીઓને લોકજાગૃતિ અર્થે નજીકના સેક્ટર્સમાં જાગૃતિ રેલી યોજવાની પણ સૂચના આપી હતી. કાર્યક્રમમાં શાળાના ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયોજક હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે સક્રિય સહયોગ પૂરો પાડ્યો હતો.

## ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

સૅક્ટર-૧૫ ટીચર્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે ગાંધીનગર જિલ્લા-પ્રાથમિક શૈક્ષણિક સંઘની બેઠક મળી હતી. ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શૈક્ષણિક સંઘના અધ્યક્ષ મેરાજભાઈ ડી. રબારીએ સર્વે સભાસદ મિત્રોને આવકારી સંઘનો પરિચય આપ્યો હતો. મહેમાનપદે પ્રકાશભાઈ પટેલે સંઘ સંગઠનનું મહત્વ સમજાવી સંગઠન મજબૂત બનાવવા સૌને એક થઈ મક્કમ રહેવાની શીખ આપી હતી.સંગઠનના હોદ્દેદારો, શિક્ષકો, વહીવટી પાંખ સાથે સંકલન અંગે સમજ આપી હતી. સંગઠનના જિલ્લાના મંત્રી હસમુખભાઈએ આભારવિધિ કરી પ્રથમ બેઠક સંપન્ન કરી હતી.

બીજી બેઠક પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘના મેરાજભાઈ ડી. રબારીના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં એજન્ડા મુજબ કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં પ્રાથમિક મહાસંઘને માન્યતા આપવા બદલ સરકારનો આભાર પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કર્યો હતો. આ ઉપરાંત જિલ્લા-તાલુકાના સંગઠનના માળખા અંગે ચર્ચા કરી હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરી હતી. જેમાં જિલ્લા સંગઠનના અધ્યક્ષ મેરાજભાઈ ડી. રબારી, મંત્રી હસમુખભાઈ સી. પટેલ, દહેગામ તાલુકાના પ્રમુખ હસમુખભાઈ દરજી, મંત્રી અમરીશસિંહ વિહોલ, માણસા તાલુકાના પ્રમુખ સંજય એ. પટેલ મંત્રી સંજય જણસારી, કલોલ તાલુકાના પ્રમુખ નંદલાલભાઈ પટેલ મંત્રી નિલેષ ઝાલા, ગાંધીનગર તાલુકા પ્રમુખ ફુલુભા ઝાલા, મંત્રી તરીકે પરેશ પટેલની વરણી કરવામાં આવી હતી.

## ખેલ મહાકુંભની સ્કેટિંગ સ્પર્ધામાં બીએૅસકે૮ ટીમ ઝળહળી ઉઠી



ગાંધીનગર, તા. ૧૪

ખેલ મહાકુંભ અંતર્ગત શહેર અને ગ્રામ્ય કક્ષાની સ્કેટિંગ સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં પ્રથમ વખત જ અન્ડર-૧૧ વયજૂથ ઉમેરવામાં આવ્યું હતું.

બીએૅસકે૮ ટીમના ખેલાડીઓએ અન્ડર-૧૧, ૧૨, ૧૭ અને ઓપન એજ વિભાગમાં ભાગ લઈને ઈનામો હાંસલ કર્યાં હતાં. અન્ડર-૧૧ વિભાગમાં વંશ, સમર્થ, દિવ્યરાજ, ઝાત્રા, ધૃવી, હસ્તી, રાજબીર, જૈવલ, પ્રજ્વલ, અન્ડર-૧૪ વિભાગમાં હિનમ, જીયા, નિરાલી, તનીષા, અન્ડર-૧૭ વિભાગમાં પ્રાંશુ, પ્રિયમ, ક્રિષ્ના, દેવાંશી, હેલી, પ્રિન્સી, હનીશા, જીલ અને ઓપન એજ વિભાગમાં હિરલબેન વિજેતા બન્યાં હતાં. સૌ વિજેતાઓને ટીમના કોચ ભાર્ગવ આયર દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ સ્કેટિંગ સ્પર્ધા અંતર્ગત ૫૦૦ અને ૧ હજાર મીટર એમ બે પ્રકારે યોજવામાં આવી હતી.

### ગણપત યુનિ.ની એન્જિનિયરીંગ કૉલેજ દ્વારા

## આજથી નેશનલ લેવલ ટેકનિકલ સિમ્પોઝિયમનો આરંભ કરાશે

**આ બે દિવસીય સિમ્પોઝિયમ યુ. વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગના આંગણે યોજવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૪

'આપણે એક મુક્ત અર્થતંત્રના યુગમાં જીવી રહ્યા છીએ, અને ટ્રેડ તેમજ ઈન્ડસ્ટ્રીઝના વૈશ્વિકરણના કારણે ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા એ આજના સમયની જરૂરિયાત બની ગઈ છે અને એટલે જ 'એન્જિનિયરિંગ એજ્યુકેશન'નો રોલ બહુ જ મહત્વનો થઈ ગયો છે. ગુજરાતના ઔદ્યોગિક શિક્ષણમાં મહત્વનું પ્રદાન કરીને અગ્રીણ હરોળમાં જેણે પોતાનું વિશિષ્ઠ સ્થાન બનાવ્યું છે એવી ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી તેના પીએચડી, પીજી, યુજી અને ડિપ્લોમાં કક્ષાના અનેકવિધ એન્જિ. કોર્સિસ દ્વારા દર વર્ષે સ્ટેટ ઓફ ધી આર્ટ લેવલના જ્ઞાનસમજ અને સમર્પિત એવા માનવ સંશાધન સર્જીને ઈન્ડસ્ટ્રીના ઉત્કર્ષ માટે તૈયાર કરે છે અને એ રીતે નવા ભારતના નિર્માણમાં મૂલ્યવાન ફાળો આપે છે.

ગણપત યુનિવર્સિટીની આ જ ફેકલ્ટી ઓફ એન્જનિયરિંગ અને ટેકનોલોજી આગામી તા. ૧૫ અને ૧૬ સાપ્ટેમ્બાર, ૨૦૧૯ દરમિયાન યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગના આંગણે એક નેશનલ લેવલ ટેકનિકલ સિમ્પોઝિયમ ''કન્વર્ઝન્સ-૨૦૧૯''નું આયોજન કરી રહી છે.

## અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજ દ્વારા મેગા વૃક્ષારોપણ કાર્યક્રમ





અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજના એનએસએસ યુનિટ દ્વારા મેગા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

૪૦૦ જેટલા સ્વયંસેવકો આ ઉપક્રમમાં જોડાયા હતા અને તેમણે ૪૬૧ જેટલાં રોપાઓનું આરોપણ કર્યુ હતું તથા તેમના ઉછેરની જવાબદારી પણ તેમણે સ્વીકારી હતી. સ્વયંસેવકોએ પાંચ વૃક્ષો ઘરે લઈ જઈ ઘરની આસપાસ વાવી, ઉછેરવાના તથા અન્યોને આ માટે પ્રેરવા માટેના સંકલ્પ ગ્રહણ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવીએ કર્યુંહ તું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. જિજ્ઞેશ પટેલ, પ્રૉ. નિગમ પટેલ, દર્શન ગોસ્વામી, હર્ષ ભડાણીયા, અજય દેસાઈ, નિશેત દેવાણી, પરેશ આહિર, કશ્યપ વાછાણી, સ્મિત પરમાર, ધર્મેશ ગઢવી, કૃતિક પટેલ, શૈફ અલી, કૃષ્ટિ દ્વારા સક્રિય ફાળો આપવામાં આવ્યો હતો.

## સે. ૧૨માં ઉમા સમાજભવન ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો માટે નિઃશુલ્ક સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સે. ૧૨માં ઉમિયા માતાજી સંસ્થાન, પ્રેરિત ઉમિયા કેરિયર એકેડમી દ્વારા જીપીએસસી, વર્ગ-૧-૨ તથા વર્ગ-૩ની સરકારી ભરતી માટેની તૈયારી કરતા ઉમેદવારો માટે ઉમા સમાજ ભવન ખાતે ફ્રી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી તથા મહેસાણા વિસ્તારમાં ૨૪૦ જેટલા ઉમેદવારોએ સેમિનારનો લાભ લીધો હતો. સીધી ભરતીના વર્ગ-૧-૨ના અધિકારીઓ સર્વ મનિષા પટેલ (જીપીએસસી), તુષાર પટેલ (એસઓ-આરોગ્ય), જૈમિની ગઢીયા (આરઈઆઈએ), નંદિશ પટેલ (સમાજ કલ્યાણ), ચિરાગ પટેલ (સીઆઈડી-આઈબી), જય પટેલ, કેયુર પટેલ અને મૌલિક પટેલ વગેરેએ ઉપસ્થિત રહી પરીક્ષાની તૈયારી માટેનું સચોટ માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. સંસ્થાના બાવન ઉમેદવારો એસટીઆઈ પ્રિલીમ પરીક્ષામાં સફળ થનાર ઉમેદવારોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત સંસ્થાના પ્રમુખ ભરતભાઈ પટેલ, શિક્ષણ ચેરમેન શીવુભાઈ પટેલ અને હોદ્દેદાર દ્વારા કરવામાં આવ્યુ હતુ. મહામંત્રી ભોળાભાઈ પટેલે સંસ્થાની પ્રવ-તિઓની જાણકારી આપી આભારદર્શન કર્યુ હતુ. સેમિનાર સફળ બનાવવામાં સંચાલક હિતેશ પટેલ, વિરલ પટેલ, કે.કે. પટેલ તથા ટેમ્બલ ચેરમેન બાપજીએ ખુબ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


### જન્મદિને વધામણી



પ્રિયા માનિક
લાયોનેસ ક્લબ



ભાવના શુક્લ
લાયોનેસ ક્લબ



મિત્તલબેન
અશોકકુમાર ઠાકોર



મયુરભાઈ પટેલ
પ્રમુખ, દસગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ



સ્વરા પંકજભાઈ પ્રજાપતિ
મો. ૯૯૭૯૦ ૩૩૩૬૬



ધ્યાનમ અભિષેક ભટ્ટ
મો. ૯૪૨૯૦ ૨૧૯૦૩

# અપેક્ષા એટલી જ કે માતૃભાષાની ઉપેક્ષા ન કરીએ

**માતૃભાષા-ચિંતન**
**હર્ષદ પ્ર. શાહ**

અનેક ભણેલા, ડિગ્રીધારીઓને મળવાનું મન થાય છે. એમનું લખાણ જોઉં ત્યારે અંતરમાં વેદનાનો ચીરો પડે. એક જ વાક્યમાં અનેક ભૂલો જોવા મળે. સ્થિતિ એવી સર્જાય કે છાપામાં સમાચારો નહીં પણ ભૂલો જ વંચાઈ જાય. પ્રૂફ જોનારાઓને ભાષાનું સામાન્ય જ્ઞાન પણ સુલભ હોતું નથી. હમણાં એક પ્રાધ્યાપક - સાક્ષાત્કારમાં ઓલાં એક બહેનનું લખાણ જોઈ મેં એમને કહ્યું, 'બહેન, તમારી એક લીટીમાં ૮ શબ્દો છે એમાંથી પાંચ શબ્દો ખોટા છે.' એમણે તત્પરતાથી જવાબ આપ્યો, 'હું તો મનોવિજ્ઞાની વિદ્યાર્થિની છું, ગુજરાતીની નહીં!' મેં ફરી એમને પૂછ્યું, 'તમારી માતૃભાષા કઈ ?' જવાબ હતો, 'ગુજરાતી.' મનોવિજ્ઞાનનાં એ બહેન પ્રોફેસર તરીકે સાક્ષાત્કાર આપવા આવ્યાં હતાં. એમનું એ ભાષાવિજ્ઞાન મને સમજાતું ન હતું.

આટલી બધી અવગણના ! ભાષાની આટલી હદ સુધી ઉપેક્ષા! કોઈ રીતે પચે એવી આ વાત નથી. ઘણા લોકો અનેક પ્રકારનાં સામયિકો છાપે છે. એ જે જ્ઞાન કે માહિતી પીરસે છે તે ભયંકર ક્ષતિયુક્ત હોય છે. ખરેખર તો એ ભાષાની કુસેવા કરે છે. કારણ કે સમાજના અનેક લોકો જે છપાયું તે સાચું એમ માનીને ચાલતા હોય છે. છાપાં સાચું છાપે નહીં, શિક્ષક સાચું ભણાવે નહીં, પેઈન્ટર સાચું ચિતરે નહીં, પુસ્તકોમાં પણ ભાષાશુદ્ધિ નહીં.... પછી સમાજના ભાષકો સાચી કે શુદ્ધ ભાષા શીખે શી રીતે ? ચારેકોર ખોટું જ જોવામાં, વાંચવામાં અને સાંભળવામાં આવતું હોય ત્યાં ભાષાશુદ્ધિ તો એક દુઃસ્વપ્ન જ બની જાય !

કાન્તિલાલ હ. પરીખ લખે છે, 'ભાષા વિના આપણે પંગુ બની જઈએ છીએ. પણ સાચા અર્થમાં ભાષા શું છે તે સમજવાનો, જાણવાનો પ્રયત્ન કરીએ તો દિલમાંથી ઊઠતા અનેક સંવેદનશીલ સ્પંદનોથી જીવન ભર્યું ભર્યું લાગે. ભાષા વિશે જે વાતો થતી હોય તે ભલે થાય ! પણ ૧પણે બોલીએ, લખીએ અને સાંભળીએ ત્યારે જેનું માધુર્ય આપણા દિલને સ્પર્શી જાય એ જ સાચી માતૃભાષા બની રહેવાની. કોઈ પણ ચીજ-વસ્તુને પામવા, પરિચય કરવા એની અતિ નિકટ જવું જરૂરી છે.

આપણે માતૃભાષાનો આવો પરિચય કેળવવો હોય તો એની બધી જ ખૂબીઓ અને ખામીઓ જાણવી જોઈએ. એક વખત આ પ્રક્રિયામાં રસ પડ્યો એટલે આપણી માતૃભાષાને સમૃદ્ધ કરતાં કરતાં બીજી અન્ય ભાષાઓથી પરિચિત થવાની ભાવના જાગવાની. આમ માતૃભાષા સમૃદ્ધ, સ્વચ્છ અને દિલસ્પર્શી બનવાની. મન સાથે સાથે એ અન્ય ભાષાઓના પરિચયથી નવાં રૂપો ઉમેરાતા જવાનાં.'

માતૃભાષા આપની પોતાની ભાષા. પોતાને અભિવ્યક્ત કરવાની ભાષા. અંતરની ઊર્મિઓને બીજાની સમક્ષ ઠાલવવાની ભાષા. પોતાની માતૃભાષામાં તો માનવી પોતાનું હૃદય ઠાલવી નાખવાનો. એના હૃદયને અહીં પૂરી મોકળાશ મળશે. એની બધી જ ભાવાઓ એની માતૃભાષા દ્વારા જ ધ્વનિત થવાની. જે સહજતાથી અને કોઈ પણ જાતના દંભ વિના એ પોતાની વાત માતૃભાષામાં રજૂ કરી શકશે તે અન્ય કોઈ ભાષામાં કરી શકશે નહીં. બીજી ભાષામાં તો વિચારોને ગોઠવવા પડશે. સ્વાભાવિકપણે બહાર નહીં નીકળે.

'સત્યના પ્રયોગો'માં ગાંધીજી લખે છે, 'પોલાક અને મારી વચ્ચે બાળકોની અંગ્રેજી કેળવણી વિશે કેટલીક વાર તીખો સંવાદ થયેલો. મેં અસલથી જ માનેલું છે કે જે હિંદી માબાપો પોતાનાં બાળકોને બચપણથી જ અંગ્રેજી બોલતાં કરી મૂકે છે તેઓ તેમનો અને દેશનો દ્રોહ કરે છે. મેં એમ પણ માન્યું છે કે આથી બાળકો પોતાના દેશના ધાર્મિક અને સામાજિક વારસાથી વંચિત રહે છે ને તેટલે અંશે દેશની તેમ જ જગતની સેવા કરવા ઓછા લાયક બને છે. આવી માન્યતાને લીધે હું હંમેશાં ઈરાદાપૂર્વક બાળકોની સાથે ગુજરાતીમાં જ વાતો કરતો. પોલાકને આ ન ગમતું. હું બાળકોના ભવિષ્યને બગાડું છું એવી તેમની દલીલ હતી. અંગ્રેજી જેવી વ્યાપક ભાષા બાળકો બચપણથી જ શીખી લે તો આ જગતમાં એમ ચાલતી જિંદગીની હરીફાઈમાં તેઓ એક મોટોટપ્પો સહેજે ઓળંગી જાય, એમ તે મને આગ્રહ અને પ્રેમપૂર્વક સમજાવે. મને એ દલીલ ગળે ન ઊતરી. હવે મને સ્મરણ નથી કે અંતે મારો ઉત્તર તેમને ગળે ઊતરેલો કે તેમણે મારી હઠ જોઈને શાંતિ પકડેલી. આ સંવાદને લગભગ વીસ વર્ષ થયાં. છતાં મારા આ વિચારો જે મેં તે વેળા ધરાવેલા તે જ અનુભવે વધારે દૃઢ થયા છે. અને જો કે મારા પુત્રો અક્ષરજ્ઞાનમાં કાચા રહી ગયા છે, છતાં માતૃભાષાનું સામાન્ય જ્ઞાન સહેજે પામી શક્યા, તેથી તેમને અને દેશને લાભ જ થયો છે ને અત્યારે તેઓ પરદેશી જેવા નથી થઈ રહ્યા. તેઓ દ્વિભાષિયા તો સહેજે થયા, કેમ કે મોટા અંગ્રેજ મિત્રમંડળના સહવાસમાં આવવાથી ને જ્યાં વિશેષ અંગ્રેજી બોલવામાં આવે એવા દેશમાં રહેવાથી અંગ્રેજી બોલતા ને સામાન્ય લખતા થઈ ગયા.'

ગાંધીજીના પ્રદીર્ઘ વિદેશ વસવાટ પછી પણ એમણે માતૃભાષા સાથે પોતાનો નાતો અતૂટ જાળવી રાખ્યો. સરદાર પટેલ બેરિસ્ટર થયા પણ અખંડ ગુજરાતી રહ્યા. દેશના અનેક વિજ્ઞાનીઓનાં ઉદાહરણો હું મારા ઘણા લેખોમાં આપી ચૂક્યો છું. તેઓ બધા પોતપોતાની ભાષામાં ભણીને વિજ્ઞાની બન્યા. પોતાની ભાષામાં જેટલી વૈચારિક સ્પષ્ટતા આવે તેટલી્ન્ય કોઈ ભાષામાં ન આવે. ગુજરાતીની ઉપેક્ષા-અવગણના કરીને કેવળ અંગ્રેજી ભાષાનું વળગણ ધરાવનારા કેટલા લોકો કવિ કે સાહિત્યકાર થયા એ પણ સંશોધનનો વિષય છે.

જીવ, જગત અને જગદીશનું અગાધ જ્ઞાન આપણી સંસ્કૃત ભાષામાં પડેલું છે એ તો આપણને સમજાતું જ નથી. જગતની પ્રાચીન અને જ્ઞાનના ભંડાર સમી સંસ્કૃત ભાષા શીખવાથી વિજ્ઞાન, ગણિત અને ટેકનોલોજીના અનેક વિષયે સહજ આત્મસાત્ થઈ શકે. પણ આપણને તો કંચન છોડીને કથીરને પ્રેમ કરવાની આદત પડી ગઈ છે.

અંગ્રેજો જ્યાં જ્યાં ગયા, જે દેશોને ગુલામ બનાવ્યા એ બધાને અંગ્રેજી ભાષાનું ઘેલું લગાડ્યું. આપણને આપણી જાત, આપણું બધું ભુલવાડી દેવાના ષડ્યંત્રમાં તેઓ સફળ થયા. અતિરેક તો એવો થયો કે અંગ્રેજી શીખવાના મોહમાં માતૃભાષાને તરછોડી ! અને એમ આપણે ગુલામીને છોડવાને બદલે બળવત્તર બનાવી. માણસના મનમાં સ્મૃતિદોષ જન્મે ને પોતાનું નામ પણ ભૂલી જાય, પોતાનાંને ભૂલી જાય એવી વિચિત્ર સ્થિતિ આપણા આખા સમાજની થતી જાય છે. વહેલી તકે આપણે આ સમજવું પડશે, જાગૃત થવું પડશે. અન્યથા ઘણું મોટું નુકસાન થશે, ક્યારેય ભરપાઈ ન થઈ શકે તેવું.

જો આપણે આપણા સંસ્કાર બચાવવા હોય, આપણી સંસ્કૃતિને જાળવી રાખવી હોય, આપણું સ્વત્વ-પોતાપણું ટકાવી રાખવું હોય અને નવી, આવનારી પેઢીઓને આ ધરતીના સંસ્કારો સાથે જોડી રાખવી હોય તો માતૃભાષાને એકનિષ્ઠ પ્રેમ કરતાં શિખવાડો. અને એ કરતાં કરતાં બીજું ભલે શીખે, એનો વાંધો-વિરોધ ન હોઈ શકે. તો ચાલો, આજથી જ માતૃભાષાને પ્રેમ કરીએ, સાચું લખીએ, શુદ્ધ બોલીએ અને જગને જીતી લઈએ.

પ્રતિભાવ આવકાર્ય : matrubhasha.gaurav@gmail.com

## બળિયા સાથે બાથ

॥ બીજો મણકો ॥

હું બહુ નિરાશ થયો. પોલીસ કમિશનરને પણ દુઃખ થયું. વકિલના ધંધા પ્રત્યે મને અણગમો ઉત્પન્ન થયો. બુદ્ધિનો ઉપયોગ ગુનો છુપાવવામાં થતો જોઈ મને બુદ્ધિ જ અળખામણી લાગી. બન્ને અમલદારોનો ગુનો એટલો પ્રસિદ્ધ થઈ ગયો હતો કે તેઓ છૂટ્યા છતાં સરકાર તેમને સંઘરી તો ન જ શકી. બન્નેને બરતરફી મળી ને એશિયાઈ થાણું કંઈક ચોખ્ખું થયું. કોમને હવે ધીરજ આવી અને હિંમત પણ આવી. મારી પ્રતિષ્ઠા વધી. મારો ધંધો પણ વધ્યો. કોમના સેંકડો પાઉંડ દર માસે લાંચમાં જ જતા તેમાંથી ઘણા બચ્યા. બધા બચ્યા અમ તો ન જ કહી શકાય. અપ્રામાણિક તો હજુયે ચરી ખાતા હતા. પણ પ્રામાણિક પોતાની પ્રામાણિકતા જાળવી શકવા પામ્યા એમ કહી શકાય. હું કહી શકું છું કે આ અમલદારો આવા અધમ હતા છતાં તેઓ સામે અંગત મને કંઈ જ નહોતું. આ મારો સ્વભાવ તેઓ જાણતા હતા. અને જ્યારે તેમને તેમની કંગાળ હાલતમાં મદદ કરવાનો પ્રસંગ મને આવેલો ત્યારે મેં મદદ પણ કરેલી. જોહાનિસબર્ગની મ્યુનિસિપાલિટીમાં જો હું વિરોધ ન કરું તો તેમને નોકરી મળે તેમ હતું. તેમનો મિત્ર મને મળ્યો, ને મેં તેમને નોકરી મળવામાં મદદ કરવાનું કબૂલ કર્યું. તેમને નોકરી પણ મળી. આ પગલાની અસર એ થઈ કે, જે ગોરા વર્ગના સંબંધમા હું આવ્યો તેઓ મારે વિષે નિર્ભય બનવા લાગ્યા; ને જોકે તેમનાં ખાતાં સામે મારે ઘણી વેળા લડવું પડતું, તીખા શબ્દો વાપરવા પડતા, છતાં તેઓ મારી સાથે મીઠો સંબંધ રાખતા. આવી વર્તણૂક મારા સ્વભાવમાં જ હતી એનું મને તે વેળા બરોબર જ્ઞાન નહોતું. આવા વર્તનમાં સત્યાગ્રહની જડ રહેલી છે, એ અહિંસાનું અંગવિશેષ છે, એ હું પાછળથી સમજતો થયો. મનુષ્ય અને તેનું કામ એ બે નોખી વસ્તુ છે. સારાં કામ પ્રત્યે આદર અને નઠારાં પ્રત્યે તિરસ્કાર હોવો જ જોઈએ. સારાંનરસાં કામ કરનાર પ્રત્યે હમેશાં આદર અથવા દયા હોવાં જોઈએ. આ વસ્તુ સમજવે સહેલી છે છતાં તેનો અમલ ઓછામાં ઓછો થાય છે. તેથી જ આ જગતમાં ઝેર ફેલાયાં કરે છે. સત્યની શોધના મૂળમાં આવી અહિંસા રહેલી છે. તે હાથ ન આવે ત્યાં લગી સત્ય મળે જ નહીં એમ હું પ્રતિક્ષણ અનુભવ્યા કરું છું. તંત્રની સામે ઝઘડો શોભે, તંત્રીની સામે ઝઘડો કરવો તે પોતાની સામે કર્યા બરોબર છે. કેમ કે બધા એક જ પીંછીથી દોરાયેલા છીએ, એક જ બ્રહ્માની પ્રજા છીએ. તંત્રીમાં તો અનંત શક્તિ રહેલી છે. તંત્રીનો અનાદર—તિરસ્કાર કરવા જતાં તે શક્તિઓનો અનાદર થાય ને તેમ થતાં તંત્રીને તેમ જ જગતને નુકસાન પહોંચે.

150 ગાંધીયાત્રા

સૌજન્ય : સત્યના પ્રયોગો